# ગુનેગાર પકડો, નહિતર આબરૂ અને નોકરી, બંને જશે!

**અમદાવાદ, સુરત, રાજકોટ, મોરબી... બધાં શહેરો ઝડપથી વધી રહ્યાં છે. વિસ્તરી રહ્યાં છે. એમનાં મ્યુનિસિપલ કોર્પોરેશનોનાં અબજોના બજેટ છે. આ વિસ્તારવૃદ્ધિ અને આ બજેટ પણ અવનવા અપરાધોને જન્મ આપી શકે છે...**

''અજયબાબુ!'' ''હં...?'' ''આ જોયું?'' અજયે કેસ ફાઇલમાંથી નજર ઊંચી કરી. રાધિકા ચેટરજીના હાથમાં છાપું હતું. એમાં મોટે મોટે અક્ષરે એક સમાચાર છપાયા હતા. કોઇ મ્યુનિસિપલ કાઉન્સિલરનું અપહરણ થયું હતું. કાઉન્સિલરનું નામ હતું લક્ષ્મણ ડોડિયા અને એ અમદાવાદના નવા દૂરના પશ્ચિમ વિસ્તારના કાઉન્સિલર સાહેબ હતા. આગલા દિવસની મધરાતે એ બંગલાની બહાર કૂતરાને રોટલી નાખવા નીકળેલા અને એમને કોઇ ઉઠાવી ગયું. કોણ, કેવી રીતે, ક્યાં ઉઠાવી ગયું, એની કોઇને ખબર પડતી નહોતી.

સમાચારમાં રસપ્રદ વાત એ પણ હતી કે આ અગાઉ પણ બીજા બે મ્યુનિસિપલ કાઉન્સિલરોનાં અપહરણ થયાં હતાં. ચાર-પાંચ દિવસોને અંતરે એ કાઉન્સિલરોને કોઇ ઉપાડી ગયું હતું અને એમને વિશે પણ કોઇને કશો અણસાર નહોતો.

અગાઉ જેમના અપહરણ થયાં હતાં એ બે મ્યુનિસિપલ કાઉન્સિલરોનાં નામ હતાં અરજણ પટેલ અને નિમિષ દેસાઇ.એ પણ પશ્ચિમના કોઇ વોર્ડના જ પ્રતિનિધિ હતા.

સમાચાર વિશેષમાં જણાવતા હતા કે આ લોકો જે વિસ્તારમાં રહેતા હતા તે વિસ્તારનું પોલીસ સ્ટેશન હજુ અપહરણ કરનારને શોધી શક્યું નહોતું.

આમ ત્રીજા અપહરણ પછી શહેરના પોલીસ કમિશનર કાઝીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર દિનકર દેસાઇને પોતાની રૂબરૂ બોલાવીને ચેતવણી આપી. ''કાઉન્સિલરોને ઉપાડી જનાર જે કોઇ હોય તેને પંદર દિવસમાં હાજર કરો, નહિતર આબરૂ અને નોકરી બંને જશે.''

દિનકર તો મૂંઝાયો. અજય વર્મા અને રાધિકા ચેટરજી છાપામાં પેલા ત્રીજા શ્રીમાન લક્ષ્મણ ડોડિયાના અપહરણના સમાચાર વાંચતાં હતાં ત્યારે જ દોસ્ત દિનકર દેસાઇનો ફોન આવ્યો, ''યાર અજય! આવા મામલામાં તને સારી ફાવટ છે. જરા આવી જા ને- અહીં ચર્ચા કરી લઇએ.''

અજયે જવાબ આપ્યો, ''દિનકર, હમણાં મળવાથી અને ચર્ચાથી ખાસ કશું નહિ વળે. થોડી રાહ જોઇએ.''

અજયનો આવો જવાબ સાંભળીને દિનકરને ભારે નવાઇ લાગી. એ બોલ્યો, ''એક બાજુ કમિશનર સાહેબ જલદી ઉકેલ ન આવે તો મને નોકરીમાંથી કાઢી મૂકવાની વાત કરે છે અને તું ઢીલ મૂકવાની વાત કરે છે? કારણ શું છે? પોલીસની સાથે કામ કરવું નથી ફાવતું?''

''એવું નથી દોસ્ત. આપણા કાઉન્સિલરોને ઉઠાવનારને અરધોપરધો તો મેં ઓળખી જ લીધો છે પણ પૂરો પરિચય મળતાં થોડી વાર લાગશે.''

''પણ પરિચય ઝટ મળી જાય તો સારું.'' દિનકર બબડ્યો. ''કાઝીસાહેબ તો મને કાઢી મૂકવા સુધીની ધમકી આપે છે.''

અજયે ધીરજ આપી, ''મારા પર વિશ્વાસ રાખ દોસ્ત. બનતાં સુધી તને વાંધો નહિ આવવા દઉં.''

આમ, આ દિવસની વાત પૂરી થઇ. પછી ત્રણ દિવસ વીત્યા. દિનકર દરરોજ પૂછતોઃ ''કશી પ્રગતિ થઇ છે?'' પછી તો ખુદ કાઝીસાહેબે પૂછવા માંડ્યું કે ''ભાઇ અજય, કશી પ્રગતિ થઇ?'' અજય તો દરેક પ્રશ્ન સામે એક જવાબ આપતો. બસ, રાહ જુઓ.

ચોથે દિવસે વળી એક કાઉન્સિલરનું અપહરણ



થયું એનું નામ મોહનલાલ શાહ. એ અમદાવાદમાં કોર્પોરેશનનો ટાઉન પ્લાનિંગ કમિટીનો અધ્યક્ષ હતો.

હવે તો મુખ્ય પ્રધાન, રાજ્યપાલ અને રાજ્યના ઇન્સ્પેક્ટર જનરલ (IGP) પણ ઊકળી ઊઠયા અને કમિશનર કાઝીએ તો અજય-રાધિકાની ઓફિસમાં આવીને રીતસર ઘાંટાઘાંટ જ કરી મૂકી. ''અજયબાબુ! આ શું ચાલી રહ્યું છે? તમે અને તમારો લાડકો દિનકર દેસાઇ કરો છો શું? તમે શી તપાસ કરી? આમ અહીં માટીના પૂતળાની જેમ બેસી રહેવાથી શું વળવાનું છે?''

## કાઉન્સિલરો ક્યાં ગયા?

કાઝીસાહેબ બીજું તો ઘણું બોલી ગયા. અજયે એમને બોલવા જ દીધા. બહુ બોલવાથી માણસનો ગુસ્સો ક્રમશઃ ઠંડો પડે છે. કાઝી પણ ધીરેધીરે ટાઢા પડયા એટલે અજય માત્ર ત્રણ શબ્દ બોલ્યો, ''સાહેબ, 80%.'' કાઝીને નવાઇ લાગી. ભ્રમરો તાણીને એમણે પૂછ્યું ''શાના 80%? તમે કશી પરીક્ષા આપવા માંડી છે કે ટકાવારીમાં વાત થઇ રહી છે?''

અજયે સ્પષ્ટતા કરી, ''સાહેબ, કાઉન્સિલરોને ગુમ કરનાર માણસને મેં 80% ઓળખી લીધો છે.''

કાઝી કહે, ''તો એનું ઠેકાણું આપો ને! એના બાકીના 20% તો ભોંયે ભંડારેલા હશે તોય હું ખોદી કાઢીશ.''

અજય કહે, ''તમારે તકલીફ લેવાની જરૂર નથી. હું જ બદમાશને ચોટલી ઝાલીને તમારી હથેળીમાં મૂકી દઇશ.'' એ દિવસે તો મામલો આટલો અટક્યો પણ પાંચ દિવસ પછી વળી દીપસિંહ રાણા નામના કાઉન્સિલર ગુમ થયા.

કમિશનર કાઝી વળી દોડતા આવ્યા. અજય-રાધિકાની કેબિનમાં પેસતાં જ એમણે જોયું કે અજય તો મોટા મોટા ચોપડા ટેબલ પર પાથરીને તપાસી રહ્યો છે. એમણે પૂછ્યું, ''અજયબાબુ! ત્યાં એક પછી એક કાઉન્સિલર ગુમ થાય છે અને તમે અહીં આ શું-'' ''બેસો, સાહેબ! પ્લીઝ!'' અજયે વિનયથી સૂચવ્યું. કાઝીને ખૂબ નવાઇ લાગી પણ અજયને એ સારી પેઠે ઓળખે છે ને? એટલે માત્ર પૂછ્યું, ''હવે શું કરવું છે?''

''સાહેબ, તમારો ગુનેગાર તમારા હાથમાં સોંપવો છે. આ બધાં આપણા શહેરની વસતીગણતરીનાં પત્રકો છે. એમાંથી અમે એવા માણસને શોધીએ છીએ, જેને આ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, કાઉન્સિલરો સામે કશુંક વેર છે. એનું નામ-''

બરાબર એ જ વેળા ઇન્સ્પેક્ટર દિનકર દેસાઇ એક માણસને ધકેલતા અંદર લઇ આવ્યો. અજય સામે એને ઊભો રાખીને કહ્યું, ''આની પાસે ખૂબ મોટી મોટરગાડી છે અને ગજવામાં બેહોશીની દવા કલોરોફોર્મની શીશી છે. શહેરના છેવાડાના એવા ફાર્મ બંગલાના ભોંયરામાંથી પાંચેય કાઉન્સિલરો બંદી હાલતમાં મળી ગયા છે.''

અજયે પેલા આદમી સામે વેધક નજરે જોતાં પૂછ્યું, ''તને કાઉન્સિલરો સામે શો વિરોધ છે, ભાઇ?''

પેલાએ ડોળા ફાડતાં કહ્યું, ''આ લોકોએ મારી કરોડોની જમીન ડેવલપમેન્ટને નામે આંચકી લીધી છે! આ અન્યાય હું જરાય નહિ ચાલવા દઉં.''

કમિશનર કાઝીને કપાળે સળ પડયા. ''આ માણસ કોણ છે? એને કેવી રીતે ઓળખ્યો? એનું નામ શું છે?'' અજયે હસીને કહ્યું ''એનું નામ અનિલ મોદી છે સર. એને મેં વસતી ગણતરીના ચોપડામાંથી શોધી કાઢ્યો છે.''

''એટલે?'' કાઝીને કપાળે બે સળ વિશેષ પડયા.

અજયે માંડીને વાત કરી, ''સાંભળો, સાહેબ. જે પહેલા કાઉન્સિલરનું અપહરણ થયું એમનું નામ શું હતું? અરજણ પટેલ! બીજા કાઉન્સિલરનું નામ નિમિષ દેસાઇ. ત્રીજાનું નામ લક્ષ્મણ ડોડિયા. આ ત્રણ ગુમ થયા પછી અમે આ કેસમાં સંકળાયા ત્યારે પણ મેં કહેલું કે બદમાશને અરધોપરધો તો ઓળખી લીધો છે. કાઉન્સિલરોને ઉઠાવવાની એની પધ્ધતિમાં એક ખાસિયત હતી. એને આ લોકો સામે વ્યકિતગત વેર કશું નહોતું. તો એમને જ એ શા માટે ગુમ કરે? એની પદ્ધતિ વિચારતાં ખ્યાલ આવ્યો કે એ પદ્ધતિમાં આ નામ બંધબેસતા આવે છે! પહેલા ત્રણનાં નામોનો પહેલો અક્ષર લઇએ તો શું મળે? અ... નિ...લ... આમ અર્ધું નામ તો મળ્યું. પણ શહેરમાં અનિલ તો હજારો હોય. એટલે હું અટક મળે એની રાહ જોતો હતો.' કાઝી બબડયા, ''આવું પહેલાં કહ્યું હોત તો હું નારાજ ન થાત.'' અજય મલકાયો. ''એ પછી ચોથા કાઉન્સિલર ગુમ થયા. નામ મોહનલાલ શાહ! 'મો' અક્ષરથી શરૂ થતી અટકો મોદી, મોરી, મોરલિયા... એટલામાં પાંચમા કાઉન્સિલર દીપચંદ રાણા ગુમ થયા. અટક નક્કી થઇ. મોદી! મેં તરત જ દિનકરને અને એના સ્ટાફને દોડાવ્યા. અનિલ મોદી નામના બહુ લોકો નથી. દિનકરને જમીનો, ફાર્મ, બંગલા... ઘણું ઘણું ધરાવતા અનિલ મોદી મળી ગયો!''

**(વાચકમિત્રો! આ વાર્તામાં અજયે ખુદ ઉકેલ આપી દીધો છે. હવે જોઇએ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

રહસ્ય ચક્ર
★ યશવંત મહેતા

### રહસ્યકથા 'મૈં નશે મેં હું'નો ઉકેલ

''આ ગુનાશોધન અમારું ક્ષેત્ર નથી, રાધિકા'', પ્રિન્સિપાલ ઓઝાએ કહ્યું. ''એટલે તમને જે અપરાધ ચોખ્ખોચણાક દેખાશે તે અમને ઝાંખોપાંખોય નહિ જડે.'' ''વાત એટલી અઘરી નથી, સર. આ કેસમાં આપણા આ લિજ્જત પટેલનું એક જૂઠાણું જ આખી વાતનો ઉકેલ આપી દે છે. એ વારંવાર કહે છે કે પોતે વહેલી સાંજે સૂઇ ગયો અને શૌનકના આગમનનીય એને ખબર નથી. સવાર પહેલાં પોતે ઊઠયો નથી. પરંતુ શૌનક આવી ગયા પછી એ બહાર ગયો છે. કદાચ ખંજર લેવા ગયો છે. પછી પાછા આવીને એણે ઝનૂનથી ખંજર શૌનકને માર્યું છે. એ પછી જ એ ડ્રગ્ઝની અસર નીચે સૂતો છે. આ જ કારણે શૌનકના બ્લેઝર પર એનું લેધર જેકેટ છે!'' ''હા... હા... બરાબર!'' ઓઝા પોકારી ઊઠયા. ''પણ એણે શૌનકને માર્યો કેમ?'' ''વિતસ્તાને હાથ કરવાની હરીફાઇમાં આ બન્યું છે સર'' રાધિકાએ સમજાવ્યું. ''શૌનક માટે વિતસ્તાને ખરેખરી લાગણી હતી. આથી ડ્રગ્ઝ વડે વિતસ્તાને જીતી લેવાની લિજ્જતની બધી કોશિશો નિષ્ફળ ગઇ. આથી ઉશ્કેરાઇને એણે શૌનકનું ખૂન કરી નાખ્યું.''